ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૧૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૫૫ ટકા











દિવાળી એ પ્રકાશનું પર્વ તો છે જ પણ સાથે સાથે રંગોનું પણ પર્વ છે. રંગોળી એ ઘરના આંગણાને કલાત્મક રીતે સજાવવાની એક ભારતીય પ્રાચીન કલા છે. દિવાળીના તહેવારોમાં મહેમાનોની સાથે સાથે માતા લક્ષ્મીને પણ આવકારવા માટે ઘરના આંગણામાં જુદી જુદી ભાતની જુદા જુદા કલર કે ફુલોની રંગોળી કરવામાં આવે છે. ગાંધીનગરના સે-૨-ડીની સૌહાદપૂર્ણ સોસાયટી, શ્રી હરિપાર્ક પરિવાર (પ્લોટ નં. ૯૯૦/૧થી ૧૦૮૯)ના રહીશો દ્વારા રંગોના તહેવાર દિવાળી નિમિત્તે યોજાયેલ રંગોળી હરિફાઈમાં સ્પર્ધકો દ્વારા નયનરમ્ય રંગોળી બનાવવામાં આવી હતી. આ સ્પર્ધા ચાર ગૃપમાં યોજવામાં આવી હતી. જેમાં ૧૦ વર્ષ સુધીના, ૧૦ થી ૨૦ વર્ષ સુધીના, ૨૦ થી ૩૫ વર્ષ અને ૩૫ વર્ષથી ઉપરના. તમામ ગૃપમાં એકથી ત્રણ નંબરના વિજેતાઓ પસંદ કરવામાં આવ્યા હતા જેમને તા. ૮-૧૧-૨૦૧૮ના રોજ નૂતનવર્ષના દિને પરિવારના સ્નેહમિલન સમારોહમાં ઈનામોથી નવાજવામાં આવશે તથા દરેક સ્પર્ધકને પણ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે.

## @ગાંધીનગર

● કાળીચૌદશ નિમિત્તે સે-૧૭ હનુમાન મંદિર, હેલીપેડ સામે સુંદરકાંડ પરિવાર ગાંધીનગર દ્વારા સુંદરકાંડના પાઠ સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન યોજાશે.

### સે-૨૧ અંબિકા ચોક ખાતે નવચંડી યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ અપના બજાર શોંપીગ સેન્ટરની સામે અંબિકા ચોકમાં આગામી તા. ૧૦ નવેમ્બરને શનિવારના રોજ નવચંડી યજ્ઞનું આયોજન સવારે ૧૦ થી સાંજના ૬ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે. યજ્ઞ પ્રારંભ સવારે ૧૦ કલાકે તેમજ સાંજે ૬ વાગે શ્રીફળ હોમાશે. તે ઉપરાંત આનંદનો ગરબો રાત્રે ૯ થી ૧૧ કલાકે યોજાશે. આ ધાર્મિક પ્રસંગે સૌ નગરજનોને યજ્ઞ દર્શનનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

### સે-૩ ન્યુ શિવશકિત મંદિર ખાતે અન્નકુટનું આયોજન

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યુ શિવશકિત મંદિર ખાતે તા. ૭ નવેમ્બર બુધવારને દિવાળીના રોજ બપોરે ૧૨ કલાકે અન્નકુટનું આયોજન તથા તા.૮ ને ગુરુવારના રોજ સ્નેહમિલન સમારોહનું શિવશકિત સેવા ટ્રસ્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. તો આ પ્રસંગે મંદિર પરિવારના તમામ પરિવારોએ હાજર રહેવા જણાવાયું છે.

### લિંમ્બચ ધામ ખાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૫

દિવાળીના પાવન દિવસે લિમ્બચ માતાજી મંદિર સેકટર-૧૩ ગાંધીનગર ખાતે દિવાળીના દિવસે સવારે ૯ કલાકે ચોપડા પૂજન અને તા.૮ નૂતન વર્ષ નિમિતે સવારે ૯.૪૫ કલાકે મહાઆરતી અને સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે. તો સમાજના સર્વે ભાઈ બહેનોને પધારવા પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા અનુરોધ કરાયો છે.

### સંસ્કાર ગૃપ દ્વારા દિપાવલી અને નૂતન વર્ષની ઉજવણી કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૫

બાળકોની પ્રવૃત્તિમાં રત સંસ્કાર ગૃપ દ્વારા દિપાવલી પર્વની ઉજવણી રંગોળી અને સફાઈકાર્યના માધ્યમથી કરવાનું આયોજન કરાયું છે.

આ અંગેની વિગતો આપતાં ગૃપના પ્રમુખ તુષાર દવેએ જણાવ્યું છે કે તા. ૭ નવેમ્બર ને બુધવારના રોજ દિપાવલી પર્વની ઉજવણી નિમિત્તે સૅકટર-૭ ઉદ્યાન ખાતે સફાઈ કાર્યક્રમ અને ત્યારબાદ દિપમાળા કરી વૃક્ષોની આસપાસના વિસ્તારને મનમોહક રંગોળીથી સજાવામાં આવશે. સાંજે ૬.૪૫ કલાકે આ કાર્યક્રમ યોજવામાં આવશે. ત્યારબાદ નૂતન વર્ષ નિમિત્તે તા. ૮ના રોજ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા રાજ્યપાલ ઓ પી કોહલીની મુલાકાત લઈ શુભકામનાઓ પાઠવવામાં આવશે.

સંસ્થાનાં સભ્ય બાળકો ઉપરાંત રસ ધરાવતાં સૌ બાળકોને આ ઉપક્રમમાં જોડાવા તેમણે સંસ્થા વતી અનુરોધ કર્યો છે.

### ચિરવિદાય

- સ્વ. પટેલ અંબાલાલ સાંકળચંદ, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર સોનીબેન સાલુજી, ઉ.વ. ૯૦
- સ્વ. પટેલ રમણભાઈ કાળાભાઈ, ઉ.વ. ૬૮

# ધનતેરસે ગાંધીનગરમાં ધનની ભારે ખેંચ

## શહેરના મોટાભાગના એટીએમમાં નો-કેશના પાટિયા ઝુલ્યા : પોતાનું ધન મેળવવા લોકોએ રીતસર ફાંફા મારવા પડયા : બેંકોમાં ૫૦-૧૦૦ની નાની નોટોની ભારે ખેંચ : નગરજનો મુંઝાયા

ગાંધીનગર, તા.૫

ધનતેરસના દિવસે ગાંધીનગરમાં રોકડની ભારે ખેંચ રહેતા નગરજનોને ધન મેળવવા રીતસર ભટકવું પડયું હતું. શહેરના મોટાભાગના એટીએમમાં પૈસા હતા જ નહીં. આથી બેંકોમાં રોકડ મેળવવા લાંબી લાંબી કતારો જોવા મળી હતી. લોકોને તહેવારોના સમયે જ પૈસા હાથમાં ન આવતા તેઓ મોકળે મને ખરીદી કરી શકયા ન હતા.

દિવાળીના તહેવારો શરૂ થઈ ગયા છે ત્યારે નાની-મોટી ખરીદી કરવા માટે રોકડ રકમની જરૂરીયાત રહે છે. ધનતેરસે તો ધન-નાણાંનું ખૂબ જ મહત્વ હોય છે. આ દિવસે લક્ષ્મીની ઉપાસનાની સાથે સાથે સોના-ચાંદીના દાગીના, ઘરવખરીના સાધનો, નવા વાસણો તથા અન્ય ચીજવસ્તુઓની મોટા પાયે ખરીદી કરવામાં આવે છે. ખરીદી માટે નાણાંની જરૂરિયાત ઉભી થતાં નગરજનોએ આજે બેંકોમાં લાંબી લાંબી કતારો લગાવી હતી. શહેરની મોટાભાગની બેંકોમાં રોકડ રકમ મેળવવા માટે રીતસર પડાપડી થતી જોવા મળી હતી. એસબીઆઈ, બેંક ઓફ બરોડા જેવી મોટી બેંકોની લગભગ તમામ બ્રાન્ચમાં રોકડ રકમ મેળવવા માટે દોઢ બે કલાક ઉભા રહેવું પડે તેવી સ્થતિ સર્જાઈ હતી. વળી શહેરના મોટાભાગના એટીએમમાં પૈસા સવારથી જ ખાલી થઈ જતા બેંકોમાં વધુ ધસારો રહ્યો હતો. એટીએમમાં પૈસા ન હોવાથી નાગરિકોને પાંચ-છ એટીએમ સેન્ટરોમાં ફરવું પડયું હતું. રોકડ રકમ મેળવવા માટે નાગરિકોએ રીતસર ફાંફા મારવા પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. પોતાના એકાઉન્ટમાં પૈસા હોવા છતાં પોતાના જ પૈસા ન મેળવી શકતા નાગરિકોએ બેંકોની અવ્યવસ્થા સામે બળાપો કાઢયો હતો. કેટલાક લોકોને તો નાણાંને અભાવે ખરીદી કરવાનું ટાળવું પડયું હતું અથવા તો ડીજીટલ ટ્રાન્ઝેકશનની વ્યવસ્થા હોય ત્યાંથી ખરીદી કરવી પડી હતી. હજુ આવતીકાલે બેંકો ચાલુ છે માંગ પ્રમાણે જો બેંકો રોકડ રકમની ઉપલબ્ધતા નહીં કરાવી શકે તો શહેરીજનોને તહેવારોના સમયે જ ખરીદી કરવાનો મુડ બગડી શકે છે.

૫૦-૧૦૦ની નાની નોટોની પણ બેંકોમાં ભારે અછત સર્જાઈ હતી. રોકડ રકમ માત્ર ૫૦૦ કે ૨૦૦૦ રૂ.ની નોટના ગુણાંકમાં જ અપાતા નગરજનો નિરાશ થયા હતા.



ગાંધીનગર શહેરની સેવાકીય સંસ્થા પૂજન ફાઉન્ડેશન દ્વારા દિવાળીના દિવસોમાં શહેરના શ્રમિક વિસ્તારના ૩૦૦ થી વધુ બાળકોને કપડા, ચોકલેટ, મીઠાઈ, ફરસાણના નાના પેકેટ્સ બનાવી વિતરણ કરવામાં આવ્યા હતા. સેકટર-૨, ૩, ૬ અને ૭ સહિતના વિસ્તારના બાળકોને પેકેટ્સ મળતા આનંદ અનુભવતા નજરે પડતા હતા. આ પેકેટ્સ વિતરણમાં પૂજન ફાઉન્ડેશનના પ્રજ્ઞાબેન ગજ્જર અને કોમલબેન ચુડાસમા સહિત સેવાકીય મહિલાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ નિમિત્તે ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે ભગવાન ધન્વંતરિની પૂજા- અર્ચના કરાઈ

ગાંધીનગર, તા.૫

ધનતેરસનો દિવસ ભગવાન ધન્વંતરિનો પ્રાગટ્ય દિવસ છે. જેથી કેન્દ્ર સરકારના આયુષ વિભાગ દ્વારા આ દિવસને રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આજે ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે તૃતીય રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી નિમિત્તે આજે સવારના ૧૦.૦૦ કલાકે ભગવાન ધન્વંતરિના પૂજન, સંહિતા પૂજન અને યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેષ કોયા, આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી નરેશજી ઠાકોર, દ્વારા આ પૂજન તથા યજ્ઞની વિધી સંપન્ન કરવામાં



આવી હતી. આ પ્રસંગે દહેગામના ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણ, ગાંધીનગર જિલ્લા પંચાયત ઉપ પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ, શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીમતી કિર્તીબેન પટેલ, જિલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા શ્રી જયેશભાઈ ચૌધરી, ઉપસચિવ આયુષ શ્રી આઈ.ડી.ચૌધરી, નાયબ નિયામક આયુષ શ્રી પી.એમ.ઉપાધ્યાય, જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ડૉ. બી.ટી.પટેલ તેમજ વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ, સહિત અધિકારીઓ અને કર્મયોગીઓ યજ્ઞમાં સહભાગી બન્યા હતા. આ પ્રસંગે આયુર્વેદનું જ્ઞાન અપાતા પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનની મુલાકાત પણ ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મંગુબેન ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિતેષ કોયા સહિત સર્વે લોકોએ લીધી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ડૉ. ભાવનાબેન પટેલ અને તેમના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

## શ્રી સ્વામિનારાયણ મંદિર, સે-૨૩ ખાતે દિપાવલી પર્વોના વિવિધ કાર્યક્રમો

ગાંધીનગર, તા.૫

શ્રી સ્વામનારાયણ મંદિર, સેકટર-૨૩ ખાતે દિવાળી અને નવા વર્ષની હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવી રહી છે. ભાવિકો ખૂબ જ ઉલ્સાસપૂર્વક આ ઉત્સવમાં જોડાઈ રહ્યા છે.

પરમકૃપાળુ પરમાત્માનું સ્વરૂપ ચિંતામણી અને કલ્પવૃક્ષ સમાન છે. અહીં બેસીને જેવા સંકલ્પ કરવામાં આવે તેવી પ્રાપ્તિ થાય છે. ભગવાનના ચરણમાંથી સુખ, શાંતિ, સંતોષ, સદબુધ્ધિ, આરોગ્ય વગેરે શુભગુણોની અખંડ વર્ષા થાય છે. પરમકૃપાળુ પરમાત્માની અસીમકૃપા મળી રહે તે માટે શ્રી સ્વામિનારાયણ મંદિર, સેકટર-૨૩ ખાતે દિપોત્સવી પર્વ અને નવા વર્ષની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આવતીકાલે તા. ૬ નવેમ્બરના રોજ સાંજે ૭.૧૫ કલાકે શ્રી હનુમાનજીનું વિધિ સહિત વિશેષ પૂજન, આરતી તથા સભાનું આયોજન કરવામાં આવ્યું છે. દિવાળીના દિવસે તા. ૭મી નવેમ્બરના રોજ અન્નકુટ મહોત્સવ યોજાશે. બપોરે ૧૦ વાગે અન્નકૂટ આરતી થશે જયારે અન્નકુટ દર્શન ૧૦થી ૧૨.૩૦ કલાક દરમિયાન થશે જયારે નૂતનવર્ષના અવસરે સવારે ૬ વાગે મંગળા આરતી દર્શન, મંગળ આશીર્વાદ, સાકરપ્રસાદ વર્ષા અને ભકિતમિલન મહોત્સવ યોજાશે. ભાવિકોને આ મહોત્સવનો લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## શહેરના યુવાનોની માનસિક વિશિષ્ટ બાળકો માટે 'નાની પહેલ-મોટી ખુશી...'!!

ગાંધીનગરના ઉર્મિલા ચેરીટેબલ ટ્રસ્ટ તથા યૉર વે પ્રોડકશનના યુવાનો દ્વારા દિવાળીના તહેવારને અનુલક્ષીને 'નાની પહેલ મોટી ખુશી' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત રવિવારની સવારે સેવાભાવી યુવાનોની ટીમે કલોલ-માણસા રોડ પરની ભાદોલ ચોકડી ખાતેના ઉમિયા વિકલાંગ ટ્રસ્ટની 'માનવસ્મૃતિ' સંસ્થાના ૪૦થી વધુ માનસિક રીતે વિશિષ્ટ બાળકો સાથે સમય વિતાવી તેમના ચહેરા પર હાસ્ય રેલાવવા પ્રયાસ કર્યો હતો. 'નાની ખુશી-મોટી પહેલ' કાર્યક્રમમાં સેવાભાવી યુવાનોએ માનસિક સ્પેશિયલ બાળકો સાથે દિવાળી પર્વની કેક કાપીને ઉજવણી કરી હતી તથા તેમને ભોજન કરાવ્યું હતું. આ સાથે બાળકોને વિવિધ મનોરંજક રમતો પ્રવૃત્તિઓ કરાવી આનંદ પુરો પાડવા પ્રયાસ કર્યો હતો. આ સદકાર્યમાં સંસ્થાના પ્રમુખ વિવેકા પટેલ અને ભૂમિકા પટેલ ઉપરાંત સભ્યો અલકેશ પટેલ, ઉર્મિલાબેન પટેલ, ભાવેશ પટેલ, સ્મિતા વનરાજ, રાજન ત્રિવેદી, ઉર્વી ત્રિવેદી, વિનય મિસ્ત્રી, શુભાંગી પ્રજાપતિ, ધ્રુવિલ પટેલ અને સની મોદી જોડાયા હતા.




# ન્યુ ગાંધીનગર વિસ્તારમાં તસ્કર ટોળકી બેખોફ

## તસ્કરોએ સરગાસણ પાસે પાંચ ફલેટના અને રાંદેસણમાં ચાર ફલેટના તાળા તોડયા : સરગાસણના ફલેટમાં તસ્કરોની ગેંગ સીસીટીવી કેમેરામાં કેદ : અગાઉ થયેલી ઘરફોડ વખતે સીસીટીવી કેમેરામાં કેદ થયેલી ગેંગ જ ત્રાટકી હોવાનું તારણ : પોલીસ ફરિયાદ નહિ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર બાદ ગ્રામ્ય વિસ્તારોમાં તસ્કરોએ તરખાટ મચાવ્યા બાદ હવે તસ્કર ટોળકીએ ન્યુ ગાંધીનગર વિસ્તારને ઘમરોળી નાખ્યું છે. તસ્કરોને હવે પોલીસનો સ્હેજ પણ ભય ન હોય એવું લાગી રહ્યું છે. દિન-પ્રતિદિન ચોરીના બનાવો વધી રહ્યા છે ત્યારે પોલીસ માત્ર એકશન પ્લાન ઘડીને સઘન પેટ્રોલિંગની ગુલબાંગો પોકારી રહી છે. બેખોફ થઈ ગયેલા તસ્કરોએ સરગાસણ ખાતે પાંચ ફ્લેટના અને રાંદેસણ ખાતે જ ચાર ફ્લેટનાં તાળાં તોડ્યા હોવાની વિગતો બહાર આવી રહી છે. જોકે પોલીસ ઘટના સ્થળે ગઈ હતી પરંતુ ફરિયાદ હજુ સુધી નોંધાઈ ન હોવાનું જાણવા મળી રહ્યું છે. નોંધનીય બાબત છે કે તાજેતરમાં જ સરગાસણ પાસે એક ફલેટમાં ચોરી કર્યા બાદ તસ્કરોએ સીસીટીવી કેમેરા સામે નૃત્ય કરી પોલીસને પડકાર ફેંકયા હતા. અગાઉ સરગાસણના ફલેટમાં થયેલી ચોરી વખતે સીસીટીવી કેમેરામાં કેદ થયેલા તસ્કરોની ગેંગ ફરી આવી હોવાનું ગઈકાલના સીસીટીવી કેમેરાના ફૂટેજ જોતા લાગી રહ્યું છે.

મળેલી વિગતો મુજબ સરગાસણ ખાતે સહજાનંદ હોમ્સ સોસાયટીમાં ગઈ રાત્રે તસ્કરો ત્રાટકયા હતા. તસ્કરોએ રાત્રિ દરમિયાન પાંચ ફલેટના તાળા તોડયા હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે. ફલેટના




સીસીટીવી કેમેરાના ફૂટેજમાં તસ્કર ટોળકી કેદ થઈ ગઈ હોવાનું પણ જાણવા મળ્યું છે. આ ઘટના અંગે પોલીસને જાણ થતા પોલીસ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી જોકે મોડી સાંજ સુધી આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઇ ન હતી. સીસીટીવી કેમેરાના ફૂટેજ જોતા લાગી રહ્યું છે કે અગાઉ જે તસ્કર ટોળકી ત્રાટકી હતી તે વખતે જે કેમેરામાં કેદ થઈ હતી તે જ ગેંગ આ વખતે ત્રાટકી છે. પોલીસે સીસીટીવી ફૂટેજ લઈ તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળ્યુ છે. તો બીજી તરફ રાંદેસણ ગામની સીમમાં આવેલા સત્યમેવ રિવેરા ફ્લેટમાં પણ તસ્કરોએ બે મકાનના તાળા તોડ્યા હોવાનું જાણવા મળ્યું છે. એક મકાનનું તાળું તોડી પરંતુ તેમાં ચોરી કરવામાં નિષ્ફળતા મળી છે. જ્યારે એક મકાનમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી લાખોની મતાની ચોરી કરવામાં સફળતા મળી હોવાનું જાણવા મળ્યું છે. આ મકાન માલિક પરિવારના સભ્યનું મૃત્યુ થયું હોવાથી પરિવાર સાથે ઓડીશા ગયા છે. અંતિમ વિધિ પૂર્ણ થયા બાદ તેઓ પરત ફરે ત્યારબાદ કેટલી માલમત્તાની ચોરી થઈ તે જાણવા મળશે. સત્યમેવ રિવેરાની બાજુમાં આવેલી સોસાયટીમાં પણ બે મકાનોના તાળા તૂટયાં હોવાનું રહીશો દ્વારા જાણવા મળ્યું છે. જો કે આ મામલે પણ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી. બિનસત્તાવાર મળેલી માહિતી મુજબ સરગાસણ અને રાંદેસણ વિસ્તારમાં તસ્કરોએ ૯ મકાનના તાળા તોડી રીતસરનો આતંક મચાવ્યો છે જો કે એક પણ ફરિયાદ મોડી સાંજ સુધી પોલીસ ચોપડે નોંધાઈ ન હતી. હવે જોવું રહ્યું કે પડકારરૂપ તસ્કરોને પહોંચી વળવા પોલીસ પ્રજાની અને તેમના માલમિલ્કતની સલામતી માટે શું પગલા લે છે.